RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 196* Date: 14.05.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલ ૨૦ લાખ કરોડના પેકેજમાંથી પ્રથમ તબક્કાની જાહેરાત

# લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે ૩ લાખ કરોડનું પેકેજ જાહેર

*ન્યુ દિલ્હી,તા.૧૩*

વૈશ્વિક મહામારી કોરોના રોગચાળાથી જાહેર કરાયેલા ૫૦ દિવસના લોકડાઉનને કારણે દેશના અર્થતંત્રને થયેલી માઠી અસરોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગઈકાલે જાહેર કરાયેલા ૨૦ લાખ કરોડ રૂપિયાના કોવિડ-૧૯ના રાહત પેકેજનું પ્રથમ બ્રેકઅપ આજે નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જાહેર કર્યું હતું. લોકડાઉનથી અસર પામેલ દેશના લાખો કૂટિર- લઘુ- મધ્યમ ઉદ્યોગ માટે પગલા લેવાશે. જેમાં માઇક્રો, સ્મોલ અને મીડીયમ એટલે કે એમએસએમઈ સેક્ટર માટે ૬ વિવિધ પ્રકારના પગલા લેવાશે. આ એકમોને વગર ગેરંટીએ ૩ લાખ કરોડની લોન આપવામાં આવશે. કોઈપણ પ્રકારની જામીનગીરી આપવી નહીં પડે. અને ૪૫ લાખ એકમોને તેનો લાભ મળશે. ૧૦૦ કરોડવાળા એકમોને લોનમાં રાહત મળશે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોને નડતી નાણાંકિય તંગીને નિવારવામાં સહાય મળશે. ૪ વર્ષમાં લોન પરત કરવાની રહેશે. એક વર્ષ સુધી મૂળ રકમ આપવી નહીં પડે. ૧૫ હજાર કરતા ઓછા પગારવાળા કર્મચારીના ઈપીએફમાં ૨ ટકાની રાહત આપીને હવે ૧૨ ટકાને બદલે ૧૦ ટકા રકમ કપાશે.

માઈક્રો-લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે જેમણે લોન લઈને પરત કરી નથી તેમને પણ લોનનો લાભ મળશે. તેમના માટે ૨૦ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે એકમો વિસ્તરણ કરવા માંગે છે તેમના માટે ૫૦ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એનપીએવાળા એકમોને પણ




લોનનો લાભ મળશે. તેમણે વધુમાં કહ્યું કે. માઇક્રો અને લઘુ વગેરે. ઉદ્યોગોની વ્યાખ્યામાં ફેરફાર કરાશે., જેથી તેમને લોનનો લાભ મળી શકે. એક કરોડ રૂપિયાનું મૂડીરોકાણ હોય અને ૫ કરોડનું ટર્નઓવર ધરાવનાર એકમને હવે માઈક્રો એકમ ગણાશે. અગાઉ ૨૫ લાખનું રોકાણ હોય તેને માઇક્રો ગણવામાં આવતું હતું. મેન્યુફેકચરીંગ અને સર્વિસ એમ બન્ને સેક્ટરોને લાભ મળશે. તેમણે કહ્યું કે આ એક ક્રાંતિકારી નિર્ણય છે. નાના ઉદ્યોગોની વ્યાખ્યા બદલવામાં આવી છે.

લોકલથી ગ્લોબલ માટે હવે ૨૦૦ કરોડથી ઓછાનું ગ્લોબલ ટેન્ડર નાના એકમો ભરી શકશે. ના નિયમમાં ફેરફાર કરીને હવે તેઓ પણ ૨૦૦ કરોડ કરતાં ઓછાનું ટેન્ડર ભરીને સરકારી કામ મેળવી શકશે. આમ ગ્લોબલ ટેન્ડરની વ્યાખ્યા બદલવામાં આવશે. એટલે ૨૦૦ કરોડના ટેન્ડરો હવે ગ્લોબલ નહીં ગણાય. વિદેશી કંપનીઓને બદલે દેશી કંપનીઓને લાભ મળશે.

કોરોનાથી નાના એકમોને અસર થઇ છે. તેમના ઉત્પાદનના વેચાણ માટેની વ્યવસ્થા સરકાર કરશે. આવા એકમોના બાકી સરકારી લેણાં ૪૫ દિવસમાં ચૂકવાઇ જાય તેવી વ્યવસ્થા કરાશે.

નાના અને ણધ્યમ ઉદ્યોગોમાં ઈપીએફની રકમ સરકારે અગાઉ આપી છે અને હજુ વધુ ૩ મહિના આપશે. ૩.૬૭ લાખ એકમોના કર્મચારીઓને લાભ મળશે. કુલ ૨૫૦૦ કરોડનો લાભ મળશે.

તેમણે કહ્યું કે સરકારે વધુ એક જોગવાઇ કરી છે જેમાં ખાનગી એકમોમાં ઈપીએફનો ફાળો ૧૨ ટકાથી ઓછુ કરીને ૧૦ ટકા કરાશે. પરંતુ સરકારી કંપનીઓમાં તે ૧૨ ટકા જ ઈપીએફ રહેશે. જેથી કર્મચારીને નુકશાન નહીં થાય.

રાજયકક્ષાના નામામંત્રી અનુરાગ ઠાકૂરે પેકેજની કેટલીક માહિતી આપી હતી. તેમણે વડાપ્રધાન મોદીના ભારોભાર વખાણ કરીને કહ્યું કે ભારતને આત્મનિર્ભર બનાવવામાં પણ મોદી સફળ થશે. કેમ કે વડાપ્રધાન મોદી મોટા નિર્ણયો લેવા માટે જાણીતા છે. સરકારે રોજ અલગ અલગ સેક્ટરોના પેકેજની માહિતી રેજેરોજ આપવાનું નક્કી થયું છે.

બ્રેકઅપ અંગેની માહિતી સતત ચાર દિવસ સુધી આપવામાં આવે તેવી શકયતા છે. તેમાં ચાર એટલે કે લેન્ડ, લેબર, લો અને લિક્વિડિટી પર ફોકસ કરવામાં આવશે, તેને એક-એક દિવસે જાહેર કરવામાં આવશે.

જાહેર કરાયેલા રૂ. ૨૦ લાખ કરોડના પેકેજમાંથી આશરે ૮ લાખ કરોડ આરબીઆઈ અને સરકાર દ્વારા પહેલા જ મજૂર કરવામાં આવ્યા છે. હવે ૧૨ લાખ કરોડના પેકેજનું બ્રેકઅપ આપવામાં આવશે. તેમાંથી ૫૦,૦૦૦ કરોડ રૂપિયા ટેક્સ માટે જાહેર કરવામાં આવી શકે છે. જ્યારે વીજ ક્ષેત્રને આશરે એક લાખ કરોડ રૂપિયા મળી શકે છે. એ જ રીતે દેશના ગરીબોને સીધા લાભ સ્થાનાંતરણ દ્વારા મોટી રકમની ફાળવણી કરવામાં આવી શકે છે. તેમાં દ્મમ્લ્ઝ અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓને આશરે એક લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી શકે છે.

### કોંગ્રેસનું કહેવું છે કે આ નિર્ણય ઘણો મોડો લેવામાં આવ્યો છે

## કોંગ્રેસ મોદી સરકારના આર્થિક પેકેજના એક એક રૂપિયાના ખર્ચ પર નજર રાખશેઃ પૂર્વ નાણામંત્રી

નવી દિલ્હી,તા.૧૩

હાલમાં સમગ્ર વિશ્વ કોરોના વાયરસની મહામારી સામે ઝઝૂમી રહી છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. ભારતમાં પણ કોરોનાના વ્યાપને ડામવા માટે લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમિયાન વડાપ્રધાન મોદીએ આર્થિક પેકેજ દ્વારા મલમ લગાવવાનો પ્રયત્ન કર્યો છે. જોકે, કોંગ્રેસનું કહેવું છે કે આ નિર્ણય ઘણો મોડો લેવામાં આવ્યો છે. કોંગ્રેસ નેતા અને પૂર્વ નાણા મંત્રી પી. ચિદંબરમે કહ્યું કે, કાલે વડાપ્રધાન મોદીએ હેડલાઈન અને એક કોરું પેપર આપ્યું, જેને આજે નાણા મંત્રી દ્વારા ભરવામાં આવશે. અમારી નજર એક-એક રૂપિયા પર હશે.

પી. ચિદંબરમે બુધવારના રોજ ટ્વીટ કરીને કહ્યું કે, કાલે વડાપ્રધાને આપણને એક હેડલાઈન અને એક બ્લેક્ર પેપર આપ્યું. સ્વાભાવિક રીતે મારી પ્રતિક્રિયા પણ બ્લેક્ર જ હતી. આજે આપણે નાણામંત્રી તરફથી બ્લેક્ર પેપરને ભરવાની પ્રક્રિયા પર ધ્યાન આપીશું. આપણે આજે ધ્યાન રાખવું પડશે કે રાહત પેકેજનો એક-એક રૂપિયો ક્યાં જાય છે. સરકાર ખરેખર અર્થવ્યવસ્થાને સુધારી રહી છે કે નહીં તે જોવાનું છે.

પૂર્વ નાણા મંત્રી પી. ચિદંબરમે કહ્યું કે અમે એના પર પણ ધ્યાન આપી રહ્યા છે કોને કેટલું મળે છે. હવે જોવાનું એ છે કે ગરીબ અને ભૂખ્યા પ્રવાસી મજૂરો જ્યારે હજારો કિલોમીટર પગપાળા ચાલીને પોતાના ઘરે પહોંચશે ત્યારે તેમને શું મળે છે. આ સાથે જ ગરીબ લોકોને (૧૩ કરોડ પરિવારો)ને ખરેખર કેટલી આર્થિક સહાય મળે છે તે મહત્વનું છે.

ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી સામે ઝઝૂમી રહેલા દેશમાં લોકડાઉનનો ૫૦મો દિવસ ચાલી રહ્યો છે. ભારતભરના લોકોને આ આર્થિક પેકેજ પાસેથી આર્થિક મદદ મળે તેવી આશા છે. કોરોનાના કારણે થયેલા નુકશાનની ચૂકવણી અને દેશની અર્થવ્યવસ્થાને ફરીથી ઉભી કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઇકાલે ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરી છે.

### પ.બંગાળના વૈજ્ઞાનિકોએ કોરોના ટેસ્ટ માટે સસ્તી કીટનું નિર્માણ કર્યું,નામ આપ્યુ ફેલુદા

## બે કલાકમાં પરફેક્ટ રિપોર્ટ આપી શકતી સ્વદેશી કિટનો ખર્ચ ફક્ત ૫૦૦ રૂ. થશે

કોલકાત્તા,તા.૧૩

બે ભારતીય વૈજ્ઞાનિકોએ કોરોનાનો ટેસ્ટ કરી આપતી તદ્દન કિફાયતી અને છતાં ચોક્સાઈભરી કિટ શોધી કાઢી છે. કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ દ્વારા પ્રમાણિત થયેલ આ ટેસ્ટ કિટને ભારત સરકારે માન્યતા આપી દીધી છે અને હવે બહુ ઝડપથી તેનું ઉત્પાદન પણ શરૂ થઈ જશે. બે બંગાળી વૈજ્ઞાનિકોએ આ કિટની શોધ કરી હોવાથી તેમણે વિખ્યાત ફિલ્મસર્જક સત્યજીત રાયના જાણીતા પાત્ર ડિટેક્ટિવ ફેલુદા પરથી કોરોના શોધી આપતી આ કિટને પણ ફેલુદા નામ આપ્યું છે....!! ટાટા સન્સ કંપની દ્વારા ઉત્પાદનના કરાર કરવામાં આવ્યાં છે. આ કિટ સંબંધિત વિગતો માટે સીએસઆઈઆરના ડિરેક્ટર જનરલ ડો. શેખર માન્ડેએ એક અખબારને આપેલી મુલાકાતમાં સત્તાવાર રીતે માહિતી આપતાં કહેવાયું હતું કે,

આ પેપર સ્ટ્રિપ ટેસ્ટ કિટ ઈન્સ્ટિટ્યુટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટિગ્રેટિવ બાયોલોજી સંશોધન સંસ્થાના બે વૈજ્ઞાનિકોએ તૈયાર કરી છે. દેવજ્યોત ચક્રવર્તી અને સૌવિક મેતી નામના આ બંને વૈજ્ઞાનિકો બંગાળી છે. આ એક પેપર બેઝ્ડ ડાયગ્નોસ્ટિક કિટ છે. જેમાં એક સોલ્યુશન લગાડવામાં આવ્યું છે. કોરોના વાયરસના આરએએનને આ પેપર પર રાખવામાં આવે કે તરત ખાસ પ્રકારના બેન્ડ (લાઈન) દેખાય છે, જેનાંથી પેશન્ટ પોઝિટિવ છે કે નેગેટિવ તેની ખબર પડી શકે છે. આ સ્ટ્રિપમાં બે બેન્ડ છે. પહેલો બેન્ડ કન્ટ્રોલ બેન્ડ છે, જેનો રંગ બદલાય એટલે ખબર પડે કે સ્ટ્રિપનો ઉપયોગ બરાબર રીતે થયો છે. બીજો બેન્ડ ટેસ્ટ બેન્ડ છે. આ બેન્ડનો રંગ બદલાય તેનો અર્થ એ થશે કે પેશન્ટ કોરોના પોઝિટિવ છે. જો કોઈ બેન્ડ ન દેખાય તો પેશન્ટ કોરોના નેગેટિવ હોવાનું કહી શકાશે.આ ટેસ્ટ કિટ ચાઈનિઝ રેપિડ ટેસ્ટ કિટથી તદ્દન અલગ છે અને ચોક્સાઈમાં અનેકગણી વધુ કાર્યક્ષમ છે. અમેરિકાની બર્કલે યુનિ.માં પણ પેપર બેઝ્ડ ટેસ્ટ કિટમાં પ્રયોગો થયા છે. પરંતુ સ્વદેશી કિટ તેનાં કરતાં પણ વધુ ચોક્સાઈભરી છે. બંને બંગાળી વૈજ્ઞાનિકોએ પોતાના પ્રિય ફિલ્મસર્જક સત્યજીત રેના પાત્ર ડિટેક્ટિવ ફેલુદા પરથી આ કિટને ફેલુદા નામ આપ્યું છે. વાર્તાઓ અને ફિલ્મોમાં ફેલુદા જે પ્રકારે કોઈપણ રહસ્ય ઉકેલી શકતા હતા એ જ રીતે આ ટેસ્ટ કિટ પણ કોરોના સંક્રમણને આબાદ શોધી લે છે. જોકે ફેલુદા નામ એ ફક્ત યોગાનુયોગ છે. ટેસ્ટ કિટનું વૈજ્ઞાનિક નામ FNCAS9 EDITOR LINKED UNIFORM DETECTION ASSAY છે, જેનું મિતાક્ષર નામ ફેલુદા થાય છે.

## અમેરિકામાં કોરોનાના કેસો ૧૪ લાખથી વધારે નોંધાયા

ન્યૂયોર્ક,તા.૧૩

વિશ્વભરમાં કોરોનાના ૪૩.૪૨ લાખથી વધારે કેસ નોંધાય ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૨.૯૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૧૬ લાખથી વધારે લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકામાં ઓગસ્ટ સુધીમાં ૧.૪૭ લાખના મોત થઈ શકે છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૪ લાખ ૮ હજારથી વધારે કેસ નોંધાયા છે. જેમાં ૮૩ હજાર ૪૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં ૯૯.૩૬ લાખ લોકોના ટેસ્ટ કરાયા છે. ૨.૯૭ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. સિએટલ સ્થિત ઈન્સ્ટીટ્યુટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશને બુધવારે કહ્યું છે કે અમેરિકામાં ઓગસ્ટની શરૂઆત સુધીમાં ૧.૪૭ લાખથી વધારે લોકોના મોત થઈ શકે છે. આ પહેલાના અનુમાન કરતા ૧૦ હજાર વધારે છે. ઈજિપ્તમાં કોરોના સંક્રમણના ૩૪૭ નવા કેસ નોંધાતા કુલ કેસ ૧૦ હજાર ૯૩ થયા છે. મંગળવારે ૧૧ લોકોના મોત સાથે



મૃત્યુઆંક ૫૪૪ થયો છે.અમેરિકાની કોરોના ટાસ્ક ફોર્સના સભ્ય ડો. એન્થની ફોસીએ અમેરિકાના રાજયોમાંથી લોકડાઉનને હટાવવાને લઈને ચેતવણી આપી છે. જો મહામારી કાબૂમાં કરવાની ક્ષમતા વિકસિત કર્યા પહેલા રાજયોને રાહત આપવામાં આવશે તો તેના ગંભીર પરિણામ આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ફરીવાર બિઝનેસ શરૂ કરવા ઈચ્છે છે.ટ્વિટરે જાહેરાત કરી છે કે તેના કર્મચારી કોરોના મહામારી પછી પણ ઈચ્છે તો હંમેશ માટે ઘરેથી કામ કરી શકશે. ઓફિસ પણ ખુલ્લી રહેશે. પણ અહીં સુરક્ષાનું પૂરતું ધ્યાન રખાશે. ટ્વિટરે કહ્યું હતું કે જો અમારા કર્મચારીઓ ઘરેથી કામ કરવાની સ્થિતિમાં છે અને તેઓ હંમેશાને માટે આવું ઈચ્છે છે તો અમે તેને પૂરું કરવાનો પ્રયાસ કરીશું. અમુક અપવાદોને છોડીને કોઈપણ પ્રકારની બિઝનેસ યાત્રા થશે નહીં. ચીનમાં ૧૫ નવા કેસ નોંધાયા છે. વુહાનના ૧.૧૦ કરોડ લોકોનો ટેસ્ટ કરવાના પ્લાનની જાહેરાત કરી છે. નેપાળમાં ૨૬ નવા કેસ નોંધાવાની સાથે કુલ પોઝિટિવ કેસ ૨૧૭ થયા છે. લેબનાનમાં સંપૂર્ણ લોકડાઉન લેબનાનમાં અત્યાર સુધીમાં ૮૭૦ કેસ નોંધાયા છે અને ૨૬ લોકોના મોત થયા છે.

### આર્થિક રાહત પેકેજની માગનો સરકાર દ્વારા સ્વીકાર કરવામાં નહીં આવે તો હડતાલનું શસ્ત્ર ઉગામશે

## લોકડાઉન ખુલતા જ ટ્રાન્સપોર્ટરોની હડતાલ પર જવાની જાહેરાત

મુંબઈ,તા.૧૩

દેશમાં કોરોના વાઈરસ લોકડાઉનમાં એક બાજુ પરપ્રાંતિય કામદારો પારાવાર મુશ્કેલીઓ વેઠીને એમના વતન ઘેર પહોંચી રહ્યા છે, ત્યારે બીજી બાજુ મુંબઈ સહિત અનેક બંદરગાહો પરથી માલસામાન પહોંચાડવાની કામગીરી ધીમી પડી છે. હવે ટ્રાન્સપોર્ટર્સ અને ટ્રેડર્સ તેમને થઈ રહેલા નુકસાનથી ચિંતિત છે અને કહે છે કે તેમની આર્થિક રાહત પેકેજની માગનો સરકાર દ્વારા સ્વીકાર કરવામાં નથી આવ્યો. તેથી નક્કી કર્યું છે કે જેવું લોકડાઉન ખૂલે એ પછી તેઓ હડતાળ પર જશે. ટ્રાન્સપોર્ટરોએ કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યો છે કે ટ્રાન્પોર્ટ સેકટરને કોઈ નાણાકીય પેકેજ આપવામાં નથી આવ્યું. ટ્રાન્સપોર્ટરોએ તેમના કામને આવશ્યક સર્વિસ ગણવાની પણ માગ કરી છે. તેમણે આ સિવાય કોરોના કાળમાં ટોલમાં કન્સેશન સહિત ઉદ્યોગ માટે વિવિધ માગ સાથે નાણાકીય પેકેજની પણ માગ કરી છે. આ ઉપરાંત તેમણે મોટર ઈન્શ્યોરન્સ અને લાઈસન્સની મુદતમાં પણ ફરજિયાત વધારો માગ્યો છે.દેશમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ૨૦ કરોડ લોકો જોડાયેલા છે અને દેશભરમાં લોકડાઉનને પગલે આ ક્ષેત્ર છેલ્લા બે મહિનાથી વેન્ટિલેટર પર છે. ઉદ્યોગના લોકો ટકી રહે એ માટે તાત્કાલિક નાણાકીય પેકેજની જરૂર છે. આ ઉદ્યોગમાં હાલ કોઈ આવક નથી અને ઉદ્યોગ ઠપ હોવાથી અનેક વેપારીઓના પેમેન્ટ્સ અટકી ગયા છે અથવા અટવાઈ ગયા છે.

સૂત્રોએ કહ્યું કે, વળી આમાં ૮૫ ટકા ઓપરેટરો નાની કંપનીઓ ચલાવે છે, જે કામકાજ બંધ હોવાથી તેમનો ધંધો લાંબા સમય સુધી ચલાવી શકે એમ નથી, એમ વડા પ્રધાન, કેન્દ્રીય ગૃહપ્રધાન, નાણાપ્રધાન અને ટ્રાન્સપોર્ટ પ્રધાનને લખેલા પત્રમાં ટ્રાન્સપોર્ટ ઓપરેટરોની સંસ્થા ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસે જણાવ્યું છે. દેશમાં સંપૂર્ણ લોકડાઉન દરમ્યાન અમે સરકારને અમારી મુશ્કેલીઓ જણાવી હતી, પણ એણે અમારી સમસ્યાઓ ઉકેલવાને બદલે આંખ આડ કાન કર્યા અને અમને ગણકાર્યા પણ નહીં. સરકારે અમારી માગણીઓની અવગણના કરી હતી, એમ મુંબઈના એસોસિયેશન ઓફ મહારાષ્ટ્ર હેવી વેહિકલ્સ અને કન્ટેઈનર ઓપરેટર્સના એક સભ્યએ કહ્યું હતું.

## સરકારના આર્થિક પેકેજથી શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૬૩૭ અંક પ્લસ

*મુંબઈ,તા.૧૩*

કોરોના માહામારી સામે લડવા માટે ગઈકાલે એટલે કે મંગળવારે રાત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક મહાપેકેજની જાહેરાત કરી હતી. જેના કારણે આજે બુધવારે શરૂઆતી સેશનમાં ઘરેલુ માર્કેટ વધીને ખુલ્યા હતા. દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં પણ ભારતીય શેર માર્કેટ ગ્રીન ઝોનમાં સેટલ થયા છે.

ઘરેલુ શેર માર્કેટમાં બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૬૩૭ પોઈન્ટ અથવા ૨.૦૩ ટકા ઉછળીને ૩૨,૦૦૦ને પાર ૩૨,૦૦૮ નજીક જયારે નિફ્ટી ૫૦ આંક ૧૮૭ અંક અથવા ૨.૦૩ ટકા વધીને ૯,૩૮૩ નજીક બંધ આવ્યા છે.

બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ અંતિમ સત્રમાં ૭૭૨ અંક કૂદીને ૧૯,૬૩૪ નજીક સેટલ થયો છે. જયારે બીએસઈ પણ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૧.૪૯ ટકા અને ૧.૯૭ ટકા ઉછળીને બંધ થયા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર ન્યુઝ અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા ૩૬૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો ૯૨૬૮

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ લોકોનાં મૃત્યુ..

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા.૩૧૬

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૩૫૬૨

## તંત્રી સ્થાનેથી...

### સરકારની મુંઝવણ

કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર કોરોનાએ તમામ સરકારોની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી કરી નાખી છે. એમાંય ખાસ કરીને કેન્દ્રની હાલત તો ઓર ખરાબ છે. શરૂઆતમાં જે રીતે કેન્દ્ર સરકારે કોઈને પણ પૂછ્યા વિના, રાજ્ય સરકારો સાથે ચર્ચા કર્યા વિના લોકડાઉનની જાહેરાત કરી નાખી હતી તે હવે તેમને ભારે પડી રહી છે. દેશના તમામ રાજ્યોના વિવિધ મુખ્ય પ્રધાનનો મત લોકડાઉનના મુદ્દે અલગ અલગ આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર પણ નક્કી નથી કરી શકી કે ખરેખર શું કરવું જોઈએ. ખરેખર તો કોરોનાને મુદ્દે કોઈ પાસે સાચી કોઈ હકકીત છે જ નહીં, આપણે કોરોનાને અંગે એટલું જ જાણીએ છીએ કે આપણે કંઈ જ જાણતા નથી. આ વાત સરકારને પણ લાગુ પડે છે. એટલે જ આડેધડ નિર્ણય લેવાઈ રહ્યા છે. વિશ્વના અનેક દેશોમાં જ્યાં લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું હતુ ત્યાં ધીમે ધીમે લોકડાઉન હટાવાઈ રહ્યું છે યા તો હળવું કરવામાં આવી રહ્યું છે, કેમ કે લોકડાઉન એ કોરોનાનો કાયમી ઉપાય નથી, એ તો વળી કોરોના કરતાં પણ વધુ ઘાતક છે, કેમ કે કોરોના તો જેને થાય તેને હેરાન કરે લોકડાઉન તો સમગ્ર દેશને બરબાદ કરી દે તેમ છે. દાયકાઓ પહેલાં જે રોગ જીવલેણ અને અસાધ્ય ગણાતા હતા તેને નાબૂદ કરવામાં, તેવા રોગનો હાઉ દૂર કરવામાં આપણે સફળ થયા છીએ એ જ રીતે કોરોનાને પણ હરાવવામાં આપણે સફળ થશું, પરંતુ એ માટે સમય લાગશે, કેટલો એ નક્કી નથી ત્યારે લોકડાઉન હટાવી કોરોના સાથે કેમ જીવવું એ માર્ગ કાઢવો જરૂરી છે. એ માટે આપણે સાવધ રહેવું જરૂરી છે. સરકાર એક હદથી વધુ કંઈ કરી શકે તેમ નથી. આપણી ચારે બાજુ જોઈએ તો અંધાધૂંધી ફેલાયેલી જ છે. પોલીસથી માંડીને ડોકટરોને પણ આ રોગ થયો છે ત્યારે માત્ર આપણી અને આપણી સાવધાની જ આપણને બચાવી શકે તેમ છે. સરકાર તો માત્ર હવે મૂક પ્રેક્ષક તરીકે જ રહેશે, જે કરવાનું છે એ આપણે કરવાનું છે. આપણે ખૂદ સ્વસ્થ રહીને બીજાની સંભાળ રાખવાની જવાબદારી નિભાવવાની છે. કોરોનાની લડાઈ સામે સરકાર ઢીલી પડી રહી છે ત્યારે જનતાએ આ લડાઈ લડવાની છે અને માત્ર લડવાની નથી જીતવાની પણ છે. આપણે કેમ ઓછી ખુવારી થાય અને સમગ્ર દેશને બચાવી શકીએ તેવી રાહ અપનાવવાની છે. સૌપ્રથમ આપણે અર્થતંત્રની ગાડી પાટે ચઢાવવાની છે કેમ કે એક પરિવારમાં જો એક પણ જણ કમાતો હશે તો કોરોના સામે લડવાની હિંમત એ સમગ્ર પરિવારમાં રહેશે. અત્યારે લોકોને કોરોના કરતા પોતાની નોકરીની ચિંતા વધુ સતાવી રહી છે, જો એમ ન હોત તો પોલીસના અને પ્રશાસનના ડર છતાં કેટલાય લોકો ચોરી છુપે પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા છે, તેમને પણ કોરોનાનો ભય સતાવતો હશે, પરંતુ એ પહેલા તેને પોતાના પરિવારની જવાબદારી વધુ મહત્ત્વની લાગતી હશે. બસ આ રીતે જ આપણે પણ કોરોનાની સામેની કોરોનાની સાથે લડાઈ લડવાની છે. એ પણ આપણી નોકરી, વ્યવસાય બચાવીને અને સાથે સાથે આપણે સ્વસ્થ રહી આપણા બીજા દેશવાસી જે આપણાથી થોડાક નબળા હોય તો તેને પણ સાચવવાના છે. લોકડાઉન હટાવાય કે લાગુ પાડવામાં આવે આપણે આપણી ફરજ પૂરી ઈમાનદારીથી નિભાવવાની છે. સરકારો પરનો ભરોસો હવે વધુ લાંબો સમય ટકી શકે તેમ નથી કેમ કે સરકાર પોતે પણ મૂંઝાયેલી છે.

## દૈનિક રાશીફળ

તા.૧૪-૦૫-૨૦૨૦ ગુરુવાર

**મેષ (અ.લ.ઈ.) :-** વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

**વૃષભ (બ.વ.ઉ.) :-** સહ્રાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

**મિથુન (ક.છ.ઘ.) :-** જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

**કર્ક (ડ.હ.) :-** જમીન, વાહન, મકાનના યોગ બને. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

**સિંહ (મ.ટ.) :-** પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

**કન્યા (પ.ઠ.ણ.) :-** નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

**તુલા (ર.ત.) :-** પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

**વૃશ્ચિક (ન.ય.) :-** કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

**મકર (ખ.જ.) :-** રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.

**કુંભ (ગ.શ.સ.) :-** નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

**મીન (દ.ચ.ઝ.) :-** બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૪/૦૫/૨૦૨૦, ગુરુવાર, વૈશાખ વદ-૭
સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રવણ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૯થી શુભ-૭-૪૭ સુધી, ૧૧-૦૫ થી ચલ-લાભ-અમૃત ૧૬-૦૧ સુધી, ૧૭-૩૯થી શુભ-અમૃત-ચલ-૨૨-૦૧ સુધી

- શુભ હોરા-
૬-૦૯ થી ૭-૧૪ સુધી, ૯-૨૬ થી ૧૨-૪૩ સુધી, ૧૩-૪૯થી ૧૪-૫૫ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૨ સુધી

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાંકડી વધઘટઃ સીપીઓમાં ૨૦,૩૪૦ ટનના વોલ્યુમ સાથે ભાવમાં તેજી

### કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યાઃ કપાસ, મેન્થા તેલમાં સાર્વત્રિક વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં સીમિત સુધારોઃ નેચરલ ગેસ ઢીલુંઃ પ્રથમ સત્રમાં રૂ. ૮૫૧૮.૨૫ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૭૫૪૨ સોદામાં રૂ. ૮૫૧૮.૨૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૮૩૬૪.૩૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૫૩.૯૪ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વધઘટ સંકડાઈ ગઈ હોય તેમ વાયદાઓમાં સીમિત રેન્જમાં ફેરફાર થયો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં સીમિત સુધારા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓમાં ૨૦,૩૪૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો. કોટનના વાયદામાં પણ સેંકડા વધી આવ્યા હતા. કપાસ અને મેન્થા તેલમાં સાર્વત્રિક વૃદ્ધિ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૬૪૮૯૩ સોદાઓમાં રૂ. ૩૯૯૮.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૬૧૩ ખૂલી, ઊપરમાં રૂ. ૪૫૭૪૮ અને નીચામાં રૂ. ૪૫૫૦૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ વધીને રૂ. ૪૫૭૧૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૧૬૬ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૫૯૭ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૮ વધીને બંધમાં રૂ. ૪૫૭૨૩ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૩૦૧૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૩૧૩૭ અને નીચામાં રૂ. ૪૨૮૧૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫ ઘટીને રૂ. ૪૩૦૩૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૩૦ ઘટીને રૂ. ૪૩૪૧૨ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૩૨ ઘટીને રૂ. ૪૩૫૧૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૬૯૧૯ સોદાઓમાં રૂ. ૨૨૭૪.૬૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૯૧૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૬૬ અને નીચામાં રૂ. ૧૮૯૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮ વધીને રૂ. ૧૯૫૬ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૪૭૮ સોદાઓમાં કુલ રૂ. ૧૭૭.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન મે વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૮૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૯૪૦ અને નીચામાં રૂ. ૧૫૬૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૦ વધીને રૂ. ૧૫૮૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ મે કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૫૯૯.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨.૮ વધીને બંધમાં રૂ. ૬૦૮.૫ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ. ૧૧૪૭.૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૫૪ અને નીચામાં રૂ. ૧૧૨૬ રહી, અંતે રૂ. ૧૧૪૪.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૬ અને નીચામાં રૂ. ૯૮૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૫૦ વધીને રૂ. ૯૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૭૪૨૫ સોદાઓમાં કુલ રૂ. ૨૫૨૨.૪૬ કરોડ ની કીમતનાં ૫૫૨૩.૬૩૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૪૭૪૬૮ સોદાઓમાં કુલ રૂ. ૧૪૭૫.૮૩ કરોડ ની કીમતનાં ૩૪૨.૧૫૭ ટન, ક્રૂડ તેલમાં ૪૨૧૧૩ સોદાઓમાં રૂ. ૧૧૧૬.૬૧ કરોડનાં ૫૭૭૫૩૦૦ બેરલ્સ, કોટનમાં ૮૯૯ સોદાઓમાં રૂ. ૫૪.૦૫ કરોડનાં ૩૪૦૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૫૪૮ સોદાઓમાં રૂ. ૧૨૨.૦૧ કરોડનાં ૨૦૩૪૦ ટન, મેન્થા તેલમાં ૧૯ સોદાઓમાં રૂ. ૧.૦૪ કરોડનાં ૯.૩૬ ટન, કપાસમાં ૧૨ સોદાઓમાં રૂ. ૨૩.૭૮ લાખનાં ૪૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૨૩૦૭.૬૮૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૨૭૫.૩૨૬ ટન, ક્રૂડ તેલમાં ૭૮૩૫ બેરલ્સ, કોટનમાં ૧૩૧૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૫૯૦૫૦ ટન, એલચીમાં ૨.૭ ટન, મેન્થા તેલમાં ૩૩.૪૮ ટન અને કપાસમાં ૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૧૫૩.૯૪ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૨.૮૯ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૫.૦૮ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૪.૯૨ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૫૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૪ અને નીચામાં રૂ. ૪૩૧.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૪૧.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૫૦ અને નીચામાં રૂ. ૨૬૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮૦.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૮૮૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૧૯ અને નીચામાં રૂ. ૧૭૯૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૦૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૮૫૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૫૪ અને નીચામાં રૂ. ૧૭૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૨૩.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૪૧ ખૂલી, ઊપરમાં રૂ. ૬૪.૮ અને નીચામાં રૂ. ૩૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૮.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૨ ખૂલી, ઊપરમાં રૂ. ૮૭ અને નીચામાં રૂ. ૩૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦.૬ બંધ રહ્યો હતો.

## ભારતમાં કોરોના કેસનો આંકડો ૭૪,૨૯૨ પર પહોંચ્યો, મૃત્યુઆંક-૨,૪૧૫




ગાંધીનગર,તા.૧૩

દેશમાં અત્યાર સુધી સંક્રમિતોનો આંકડો ૭૪,૨૯૨એ પહોંચ્યો છે અને ૨,૪૧૫ લોકોના મોત થયા છે. સાથે જ અત્યાર સુધી ૨૪,૪૫૩ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૨૪,૪૨૭ સંક્રમિતો સાથે મહારાષ્ટ્ર પહેલા નંબરે છે અને બીજા નંબરે ગુજરાતમાં સંક્રમિતોની સંખ્યા ૮,૯૦૪ થઈ ગઈ છે. અને હવે તમિલનાડુ ૮,૭૧૮ સંક્રમિતો સાથે ત્રીજા નંબરે આવી ગયું છે.

ઝારખંડના સ્વાસ્થ્ય સચિવ નિતિન મદાન કુલકર્ણીએ બુધવારે જણાવ્યું કે, એક વ્યક્તિ જે શ્રમિક સ્પેશ્યલ ટ્રેનમાં સોમવારે રાતે રાંચી પહોંચ્યો હતો. તેનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૭૩ થઈ ગઈ છે.

શાંઘાઈ સહયોગ સંગઠનની બુધવારે બેઠક છે. જેમાં વિદેશ મંત્રી એસ. જયશંકર સામેલ થશે. જેમાં ખાસ કરીને કોરોના વાઈરસ સામે લડવા અંગે ચર્ચા કરાશે. આ તમામ એક બીજા સાથે વીડિયો કોન્ફરન્સથી જોડાશે.

## લોકડાઉન ખોલવામાં ઉતાવળ ન કરે રાષ્ટ્રપતિ ટ્રમ્પ :ડોક્ટર એન્થની ફોસી

વોશિંગ્ટન,તા.૧૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કોરોના ટાસ્ક ફોર્સના સભ્ય અને સંક્રમણ રોગોના ટોપ ડોક્ટર એન્થની ફોસીએ કહ્યું કે જો અમેરિકાને ઉતાવળે ખોલવામાં આવશે તો કોરોના વાઈરસ ઝડપથી ફેલાશે. તેમણે દેશને ખોલવા માટે સરકારની ગાઈડલાઈનને ફોલો ન કરવાનું કહ્યું છે. આવું કરવાથી ગંભીર પરિણામ ભોગવવા પડશે. ફોસીએ આ વાત સેનેટ (સંસદના ઉચ્ચ સદન)ની કમિટી સામે કહી છે. તેમણે એમ પણ કહ્યું છે કે અમેરિકામાં ફરીથી કોરોના મહામારી ત્રાટકી શકે છે.ફોસીએ એમ પણ કહ્યું કે કોરોનાના કારણે અમેરિકામાં મૃત્યુઆંક ૮૦ હજાર દર્શાવવામાં આવી રહ્યો છે, પરંતુ અત્યાર સુધીમાં દેશમાં વધારે મોત થયા છે. વ્હાઈટ હાઉસે ‘ઓપનિંગ અપ અમેરિકા અગેન‘ (ફરીથી અમેરિકાને ખોલો) યોજના તૈયાર કરી છે. જેમા ૧૪ દિવસના ફેઝ બતાવાયા છે. આ મુજબ રાજ્યોને સ્કૂલ અને બિઝનેસ ખોલવાનું કહેવામાં આવ્યું છે. ઘણા અમેરિકાના રાજ્ય કોરોનાનું સંક્રમણ વધવા છતા અર્થવ્યવસ્થા ખોલી ચૂક્યા છે.અમેરિકાની સ્થિતિ

સિએટલ સ્થિત ઈંસ્ટીટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશને કહ્યું કે અમેરિકામાં ઓગસ્ટની શરૂઆતમાં ૧.૪૭ લાખ લોકોના મોત થઈ શકે છે.[illegible].હર્ક અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૪ લાખ ૮ હજારથી વધારે કેસ નોંધાયા છે. જેમાં ૮૩ હજાર ૪૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમેરિકામાં ૯૯.૩૬ લાખ લોકોના ટેસ્ટ કરાયા છે. ૨.૯૭ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.

કોરોના ફરી આવી શકે છે? આ સવાલ ઉપર ડો. ફોસીએ કહ્યું કે આ શક્ય છે. કોરોનાના બીજા તબક્કાનું જોખમ છે. જો આવું થશે તો અસરકારક રીતે લડવું પડશે. વેક્સીન તૈયાર કરવામાં આવી રહી છે, પરંતુ એ વાતની ગેરન્ટી નથી કે તે અસરકારક સાબીત થશે. આપણે આશા રાખવી પડશે.

### ૧૨ રાજ્યોના ગ્રામિણ વિસ્તારોના ૫૦૦૦થી વધુ ઘરોમાં થયેલા સર્વેમાં ચોંકાવનારુ તારણ

# કોરાના વચ્ચે હવે ભોજન સંકટઃ લોકડાઉનમાં ૫૦% ગ્રામિણ ભારતના લોકો ભરપેટ જમતા નથી

નવી દિલ્હી,તા.૧૩

કોરોના વાયરસ અને લોકડાઉનની દેશભરના શહેર અને ગ્રામીણ વિસ્તારના લોકો પર ભારે અસર થઈ રહી છે. કેટલાક સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના વાયરસની અસર સમજવા માટે દેશના ૧૨ રાજયોના ૫૦૦થી વધુ ગ્રામીણ પરિવારોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં સામે આવ્યું છે કે, ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ ટકા લોકો ઓછું જમે છે....!! ૬૮ ટકા પરિવારોએ કહ્યું કે તેઓએ ભોજનમા ખાદ્ય વસ્તુઓમાં ઘટાડો કર્યો છે. ૫૦ ટકા પરિવારોએ દિવસ દરમિયાન જમવાની સંખ્યામાં પણ ઘટાડો કર્યો છે જેમકે જો કોઈ વ્યકિત દિવસ દરમિયાન ૪-૫ વખત જમતો હોય તો તે હવે માત્ર ૨-૩ ટાઈમ જ ભોજન ગ્રહણ કરે છે. આ ઉપરાંત ૨૪ ટકા પરિવારોએ અનાજ ઉધાર લીધું હતું.સર્વેક્ષણમાં ૮૪% પરિવારોએ જણાવ્યું હતું કે પીડીએસ દ્વારા તેમને રાશન મળ્યું છે, પરંતુ અન્ય કુટુંબો વચિંત રહ્યાં છે. આ અધ્યયનમાં આગામી ખરીફ પાકની સીઝનમાં પીડીએસ અને કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા કરવામાં આવેલા રોકાણો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ સર્વેક્ષણ ૨૮મી એપ્રિલથી બીજી મે વચ્ચે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૨ રાજયના ૪૭ જિલ્લા અને તેમા રહેતા ૫૧૬૨ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. સર્વે કરવા માટે સીએસઓ ૧૨ રાજયોમાં પહોંચ્યા હતા જેમાં મધ્યપ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ગુજરાત, બિહાર, આસામ અને કર્ણાટકનો સમાવેશ કરવામાં આવે છે.આ સર્વેમાં ગ્રામીણ ઘરોમાં બાળકોના શિક્ષણ પર કોવિડની અસર વિશે ચેતવણી આપવામાં આવી છે. આ સર્વેક્ષણ પીઆરએડીએએન દ્વારા એક સહભાગી અભ્યાસ હતો,

જે એકશન ફોર સોશિયલ એડવાન્સમેન્ટ, BAIF, ટ્રાન્સફોર્મ રૂરલ ઈન્ડિયા ફાઉન્ડેશન, ગ્રામીણ સહારા, SAATHIUP અને ધ આગાખાન ગ્રામીણ સપોર્ટ પ્રોગ્રામનો વિકાસ અનવેશ ફાઉન્ડેશન અને સંબોધિના સંશોધનના સમર્થનથી પૂર્ણ થયો છે. આ અધ્યયનમાં સર્વેક્ષણ કરતા એક તૃતીયાંશ કરતા વધુ પરિવારોમાં ઝડપથી ઘટી રહેલા સ્ટોક વિશે ચેતવણી આપવામાં આવી છે. લગભગ એક તૃતીયાંશ પરિવારોએ કહ્યું હતું કે તેમનો ખરીફ સ્ટોક ફકત મે-અંત સુધી ચાલશે. સર્વેમાં એ પણ દર્શાવ્યું છે કે એક તૃતીયાંશ પરિવારો પાસે આગામી ખરીફ સીઝન માટે બીજ નથી અને લોન મળવાની પણ અપેક્ષા ઓછી છે.

## બેરોજગારીમાં થયેલ ઝડપી વધારાથી પરિવારોની આવકમાં ઘટાડો થયો

નવી દિલ્હી,તા.૧૩

દેશમાં લગભગ એક તૃત્યાંશ પરિવારો પાસે હવે ફકત એક અઠવાડીયાનો માલ સામાન રહ્યો છે. ત્યાદછર પછી જો તેમને મદદ નહીં મળે તો તેઓ મોટી મુશ્કેલીમાં મૂકાઈ શકે છે. આ વાત સેન્ટેર ફોર મોનીટરીંગ ઈન્ડીંયન ઈકોનોમીના હાઉસ હોલ્ડિ સર્વેના આંકડાઓ પર આધારીત એક સર્વેમાં કહેવાઈ છે. પરિવારોની આવક પર લોકડાઉનની અસર અંગેના આ અભ્યાસના પરિણામો જાહેર કરાયા હતા.જેમાં જાણવા મળ્યુંલ કે લોકડાઉન દરમ્યોન લગભગ ૮૪ ટકા પરિવારોની માસિક આવકમાં ઘટાડો થયો છે. આખા દેશમાં ૩૪ ટકા પરિવારો એ કહ્યું કે વધારાની મદદ વગર તેઓ પોતાની ગાડી એક અઠવાડીયાથી વધારે ખેંચી શકે તેમ નથી. આ અભ્યોસમાં જાણવા મળ્યું કે બેરોજગારીમાં થયેલ ઝડપી વધારાથી પરિવારોની આવકમાં ઘટાડો થયો છે. સીએમઆઇઇના ત્રિમાસિક કન્ઝ્યુમર પિરામીડસ હાઉસ હોલ્ડે સર્વે અનુસાર, ૨૧ માર્ચે બેરોજગારીનો દર ૭.૪ ટકા હતો જે પાંચ મેના રોજ ૨૫.૫ ટકા થયો છે.

# અત્યાર સુધીમાં ૪૧૮ લોકોના મોત, સૌથી વધારે ૯૧ લોકોએ આપઘાત કર્યો

નવી દિલ્હી,તા.૧૩


કોરોના વાઈરસ અંદાજે ૬૦ નેનોમીટરનો છે. એટલે કે એટલો નાનો કે પેનથી બનાવાયેલા એક પોઈન્ટમાં લાખો કોરોના વાઈરસ રહી શકે છે.આવડા નાના વાઈરસે દુનિયાભરમાં ૨.૫ લાખ લોકો કરતા પણ વધારે લોકોના ભોગ લીધા છે. આપણા દેશમાં અત્યાર સુધી ૨૨ હજાર લોકોએ કોરોનાથી હારીને જીવ ગુમાવ્યો છે. પરંતુ આ ૨૨ હજાર લોકો જ નહી, જેમનો જીવ કોરોનાના કારણે ગયો છે. આ ઉપરાંત ૪૧૮ લોકો એવા પણ છે જેમના મોત સંક્રમણથી નહીં પણ લોકડાઉનના કારણે થયા છે. આ આંકડો ૧૧ મે સુધીનો છે. જેનો ડેટા ત્રણ રિસર્ચર કનિકા શર્મા, અમન અને થેજેશે તૈયાર કર્યો છે.

કોરોના ફેલાવથી રોકવા માટે લગાવાયેલા લોકડાઉનમાં ૧૧ મે સુધી ૪૧૮ લોકોના મોત થયા હતા. જેમાંથી સૌથી વધારે ૭૩ લોકોના મોત ઉત્તરપ્રદેશમાં થયા છે. અહીંયા મૃતકો મજૂર હતા અથવા તો આર્થિક તંગીથી હેરાન હતા. યુપી પછી સૌથી વધારે ૫૦ લોકોના મોત મહારાષ્ટ્રમાં થયા છે. જેનું એક કારણ એ પણ હોઈ શકે છે કે મુંબઈમાં પ્રવાસી મજૂરોની સંખ્યા વધારે છે. કામ બંધ થવાના કારણે મોટા ભાગના લોકો મુંબઈથી પોતાના ઘરે જવા માટે નીકળી હયા હતા. પણ રસ્તામાં જ વધારે ચાલવાના કારણે તેમને દમ તોડ્યો હતો.૯૧ લોકો એવા છે, જેમને આપઘાત કરી લીધો એમ કહીને સૂત્રોએ દાખલો આપતાં જણાવ્યું કે ઉત્તરપ્રદેશમાં કિશની નામનું એક શહેર છે. અહીંયા રવિદાસપુરનું એક નાનું ગામડું છે. અહીંયા સત્યમ નામનો એક વ્યક્તિ રહેતો હતો. જે કામ ધંધા માટે જયપુર રહેતો હતો. સત્યમ જયપુરમાં ઈંટની ભટ્ટીમાં મજૂરી કરતો હતો. કોરોનાને કારણ તેની રોજી રોટી છીનવાઈ ગઈ હતી. સત્યમ જયપુરમાં ફસાઈ ગયો હતો. તેણે ઘરે ફોન કરીને કહ્યું , હું પાછો આવી રહ્યો છું ઘરે પણ બધા ખુશ હતા. પણ સત્યમે તેના રૂમમાં ગળા ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આવા અનેક લોકોએ લોકડાઉનમાં પોતાના જીવનનો અંત આણ્યો છે.

પ્રવાસી મજૂર ઘરે આવવા માટે નીકળ્યા હતા, પણ રસ્તામાં જ અકસ્માતના કારણે મોત થયું હતું. લોકડાઉનની સૌથી ખરાબ અસપ જો કોઈની પર પડી રહી છે, તો એ પ્રવાસી મજૂરો પર પડી રહી છે. જ્યાં ફેક્ટરીઓ અને કામ-ધંધા ઠપ થઈ ગયા છે, તો આ મજૂરો તેમના ઘરે તરફ વળી રહ્યા છે. જેમાં ૮૩ મજૂરોના મોત પણ થઈ ગયા છે. ૮ મેના રોજ મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં ૧૬ મજૂરોના મોત થયા હતા.

આ તમામ મજૂર મધ્યપ્રદેશના હતા. પરંતુ મહારાષ્ટ્રના જાલનામાં સ્ટીલ ફેક્ટરીમાં કામ કરતા હતા. ઔરંગાબાદથી મધ્યપ્રદેશ માટે ઘણી ટ્રેન રવાના થઈ હતી. એટલા માટે આ મજૂરો જાલનાથી ઔરંગાબાદથી મધ્યપ્રદેશ માટે રેલવે ટ્રેકના કિનારે કિનારે નીકળી પડ્યા હતા. ૪૦ કિમી ચાલ્યા બાદ મજૂરો થાકીને રેલવે ટ્રેક પર જ સુઈ ગયા હતા. થોડીક જ વારમાં એક માલગાડી તેમના પર ચડી ગઈ જેમાં ૧૪ મજૂરોના તો ઘટનાસ્થળે જ મોત થયા હતા. અને બે લોકોએ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

ન્યુઝ ઓફ ગાંધીનગર સુભાષિત

બોલો બોલ વિચારીને પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના, કરતા કોટી ઉપાય.

જીવનમાં વાણીનું મહત્વ ખુબ જ હોય છે. શબ્દોની માણસ, સજીવસૃષ્ટિ ને વનસ્પતિ ઉપર ખૂબ જ અસર થાય છે. આપણે સારું બોલીએ છીએ એની સકારાત્મક અસર થાય છે. તેના દ્વારા સકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે.જૂના જમાનામાં પાણીને હાથમાં રાખીને ઋષિમુનિઓ શ્રાપ આપતાં અને પાણીને હાથમાં રાખીને શ્લોક કે મંત્ર બોલીને એ પાણીને પવિત્ર કરતા. પછી એ સ્થળને પવિત્ર કાર્ય કરવાની જગ્યાએ છાંટીને સ્થળને પવિત્ર કરવામાં આવતું. શ્રલોક કે મંત્ર એ શબ્દોની તાકાત છે. શબ્દો દ્વારા આપણે લાગણી વ્યક્ત કરી શકીએ છીએ. શબ્દો દ્વારા સાંભળનાર વ્યક્તિ એનો ભાવાર્થ જાણી શકે છે.

દુનિયામાં ઘણા વૈજ્ઞાનિકોએ પણ સારા શબ્દોની અસર સકારાત્મક થાય છે. અને ખરાબ શબ્દોની અસર નકારાત્મક થાય છે. એના માટે ઘણા પ્રયોગો પણ કર્યા છે. સમાજમાં ઘણા દાખલા આપણને જોવા મળે છે. દા.ત.-એક ગામમાં છોકરો ખૂબ જ ધમાલ કરતો'તો. આખો દિવસ કોઈ ને કોઈ વસ્તુ તોડે. ઘરની બહાર જાય કે બીજા ગામમાં જાય છતાં પણ એની ખૂબ ફરિયાદ આવતી. એ નાના છોકરાઓને મારતો ને લોકો ફરિયાદ લઈને જાય એટલે એના મા-બાપ કહેતા કે," મારો છોકરો ખૂબ જ ડાહ્યો છે. તમે બધાં એને આખો દિવસ એ ગાંડો ને તોફાની કહો છો. તો સારું જાવ ,મારો છોકરો ગાંડો કે તોફાની ભલે રહ્યો. " આ શબ્દો રોજબરોજ ચારથી પાંચ વખત એ બાળકને કાને પડતાં ને સમય જતાં એ છોકરો ખરેખર. ગાંડો જ થઈ જાય છે. એ છોકરાના મન પર કોઈ સારા શબ્દોની અસર થતી નહીં. એને કોઈ શબ્દોની કિંમત ન હતી. બસ એ તો ગાંડાની જેમ તોફાન કરતો.

આમ ,આપણી વાણીમાં સરસ્વતીનો વાસ હોય છે. પાણી અને વાણીનો હંમેશા ખૂબ જ સમજીનો ઉપયોગ કરવો જોઈએ. દરેક શબ્દોમાં તાકાત હોય છે. શુભ કાર્યની શરૂઆતમાં શ્લોકથી/મંત્રથી કરવામાં આવે છે. શ્લોક એ સારા શબ્દોનો સમૂહ છે. એટલા માટે આપણે કહીએ છીએ કે

માટે દરેક બોલ એટલે દરેક શબ્દ વિચારીને બોલવા જોઈએ. જેથી બોલ્યા પછી એનો પસ્તાવો પણ ના થાય. માણસને ખરાબ શબ્દો બાણની જેમ વાગે છે. ધનુષ્યમાંથી છૂટેલુ બાણ પાછું લાવી શકાતું નથી કે બંદૂકમાંથી છૂટેલી ગોળી ને પાછી લાવી શકતા નથી. તેમ શબ્દોને પણ આપણે પાછા લઈ શકતા નથી. શબ્દોના ઘા માણસ પર બંદૂકની ગોળી કે ધનુષ્ય બાણ કરતાં પણ આજીવન સુધી એના ડાઘ રહે છે. માટે હંમેશા,

બોલીએ તો વિચારીને બોલીએ,
પસ્તાવો ના થાય તેવું બોલીએ.
બોલેલું પાછું ખેંચી નથી શકતા,
એ શબ્દોનો કોઈ ઉપાય પણ નથી.
ફક્ત એક જ ઉપાય છે.---
સારું જોઈએ, સાચું બોલીએ,
મીઠું બોલીએ, મધુર બોલીએ,
સાચા મીઠા ને મધુર શબ્દો ને,
આપણે સ્વભાવ બનાવીએ,
સ્વભાવથી ભવિષ્ય બનાવીએ.

'મન'
મનોજકુમાર પંચાલ પાલનપુર
------------------------

બોલો બોલ વિચારીને,પસ્તાવો નવ થાય;બોલેલું ખેંચાય ના,કરતાં કોટિ ઉપાય.

આ સુભાષિતમાં વાણીનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. વિચારીને બોલવાથી પસ્તાવું ન પડે પણ એકવાર બોલ્યાં પછી પાછું ખેંચવું અઘરું પડે. વાણીને પાણીની જેમ નહીં પણ દૂધની જેમ વાપરવી જોઈએ. મનુષ્યોની સાચી ઓળખ તેની વાણી થી થાય છે તેમજ પ્રગતિ અને અવનતિનો આધાર પણ તેના પરથી નક્કી થાય છે.

બોલવામાં સંયમ રાખવો જરૂરી છે. ઘણીવાર અયોગ્ય શબ્દો બોલવાથી કોઇના હૃદયને ઘાવ પહોંચે છે અને પછી મલમ લગાડવાની કોશિશ વ્યર્થ જાય એના કરતાં બોલતી વખતે વિવેક જાળવી રાખવો શું ખોટો? એટલે જ કહેવાય છે,"તલવારના ઘા રુઝાય છે પણ વાણીના ઘા સહેલાઈથી રુઝાતા નથી."

ડોક્ટર,વકીલ,વેપારી,રાજકારણી,
સિનેજગતમાં કામ કરનાર કલાકારો, સરકારી કર્મચારીઓ, સેલ્સમેન વિગેરે જો વાણીમાં મીઠાશ જાળવી રાખે તો પ્રગતિ અવશ્ય થાય છે પણ વાણીની થોડી તોછડાઈ તેની વર્ષોની મહેનત ઉપર પાણી ફેરવી દે છે. આમ વાણી દ્વારા મનુષ્યો પોતાનું જીવન સ્વર્ગ કે નર્ક જેવું બનાવી શકે છે. "આંધળાનો પુત્ર આંધળો એવા દ્રૌપદીના વેણથી મહાભારતનું યુદ્ધ સર્જાયું હતું. એટલે જીભમાં જ અમૃત ને જીભમાં જ ઝેર છે."

પૂજા(અલકા)કાનાણી.
મીઠાપુર.ન્યુઝ ઓફ ગાંધીનગર
------------------------

શીર્ષક પસ્તાવો

શાલિની મરીન ડ્રાઇવના એક બાંકડા પર બેઠી હતી. આંખોમાંથી લાગણીઓ ઝરમર ઝરમર વરસી રહી હતી. તે આકાશના આવવાની રાહ જોઈ રહી હતી.

સાંજના ઢળતા સૂર્યનો પ્રકાશ અને પીળા કલરના ડ્રેસમાં તે ખુબજ શોભી રહી હતી. જાણે કુદરતને પોતાને રૂપ આપવામાં કોઈ અધૂરપ લાગતી હોય તેમ આ સૂર્યપ્રકાશને તેના ઉપર પાથરીને સોનેરી રંગે રંગી દિધી હતી.

થોડીવારમાં આકાશ ત્યાં આવી પહોંચ્યો અને પોતાની ગાડીમાંથી નીચે ઉતરીને શાલિની પાસે આવીને બેઠો. ઘણા સમયથી રોકી રાખેલો લાગણીઓનો બાંધ શાલિનીએ આંખોના માર્ગે વહેતો મૂક્યો.

આકાશની લાખ કોશિશો કરવા છતાં આ અશ્રુધારા આટલી જલ્દી રોકી શકાય તેમ ન હતી. આજે ઘણા દિવસ પછી શાલિની આટલું રડી હતી. શાલિની આકાશને ખૂબ જ પ્રેમ કરતી હતી પરંતુ આકાશ પોતાના કામની વ્યસ્તતાને કારણે શાલિનીને ક્યારેય પૂરતો સમય આપી શકતો ન હતો. આકાશે હંમેશા શાલિનીનો ઉપહાસજ કર્યો હતો, હંમેશા તેની વાતોને મજાકમાં ઉડાવી અને તેના મિત્રોની સામે પણ શાલિનીની મજાકજ બનાવી હતી.

શાલિની આજે આકાશ સાથે પોતાના તમામ સંબંધોનો અંત આણવા માટે આવી હતી અને તેમને અંતિમ વખત મળીને આકાશ દ્વારા અપાયેલી તમામ ભેટસોગાદો પરત કરવા માંગતી હતી. શાલિની એ પોતાની પાસે રહેલા બેગને આકાશ તરફ કરતા કહ્યું; "આ રહી તારા દ્વારા અપાયેલ તમામ ભેટ-સોગાદો, તું એને પરત લઇ લે. મારી પાસે રહેશે તો મને તારી યાદ આવતી રહેશે. આકાશ મેં તને ઘણો પ્રેમ કર્યો છે પરંતુ તેં ક્યારેય મારા પ્રેમને સમજ્યો જ નહીં તેં હંમેશા મારી મજાક બનાવી છે અને મારા પ્રેમની પણ મજાક બનાવી. માણસ પૈસાના મદમાં એટલો આંધળો થઈ જાય છે કે એને સંબંધોની કિંમત રહેતી નથી.મને હતુ તું થોડા સમયમાં સુધરી જાય પરંતુ આવું ન બન્યું મારી આશાઓ મિથ્યા પડી આજથી આપણે આપણા સંબંધોમાં પૂર્ણવિરામ મૂકી નવા માર્ગે આગળ વધિએ." આટલું કહી શાલિની ચાલવા લાગી.

શાલિનીને આ રીતે જતી જોઈ ને આકાશને પણ પોતાની ભૂલ સમજાય પરંતુ ઘણું મોડું થઈ ગયું હતું. તેણે આજ સુધી શાલિનીને ઘણા એવા કડવા વચનો કહ્યાં હતા કે તે હવે પાછા લઈ શકાય તેમ ન હતા. તે શાલિની ને રોકવા માંગતો હતો પરંતુ તેને તેના દ્વારા બોલાયેલા શબ્દોના આડંબર તેને રોકી રહ્યા હતા. તેને પોતાના કર્મો પર ઘણો પસ્તાવો હતો, મનથી ભાંગી ને બાંકડા ઉપર ફસડાઈ પડેલાં આકાશને આજે તેના દાદાજી દ્વારા કહેવાયેલી એક કહેવત યાદ આવી.

"બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના, કરતાં કોટિ ઉપાય.
" આજે આકાશ ખરેખર પોતાને એકલો મહેસૂસ કરતો હતો પરંતુ હવે પસ્તાવો કરીએ શું થાય?

ભરત રબારી

( માંગરોળ, જી.જુનાગઢ૧)
------------------------

બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના, કરતાં કોટિ ઉપાય.

પ્રસ્તુત સુભાષિતમાં વિચારીને બોલવું જોઈએ,અવિચારી બોલાય નહીં,કારણ બોલેલ શબ્દ પાછાં ખેંચાતાં નથી કે ભૂંસાતાં કે ભૂલાતાં નથી.તેથી બોલ્યાં પછી પસ્તાવો કરવો પડે ,અફસોસ થાય,લાચારીનો ભાવ અનુભવાય.એનાં કરતાં વિચારીને જ બોલવું,જેથી પસ્તાવાનો સમય આવે જ નહીં.

આપણાં વેદો,પુરાણો,ઉપનિષદો આ વાત ખૂબ ભારપૂર્વક બતાવી જીવનશૈલીનો પદાર્થપાઠ શીખવે છે.

દ્રૌપદીએ 'આંધળાના પુત્ર આંધળા' કહ્યું,ને,મહાભારત સર્જાયું,જે કુરુકુળના સંહારક કારણોમાંનું એક કારણ બની રહ્યું.

કૈકેયીએ મંથરાની વાત પર વિચાર કર્યા વગર વિશ્વાસ મૂકી દશરથ રાજા પાસે બે વચન જીદપૂર્વક માંગ્યાં,જેના દુષ્પરિણામોની વ્યથા રામાયણના હરેક પાત્રોને ભોગવવાનો વારો આવ્યો.પોતે વિધવા બની,ના ભરતની રહી,ના દશરથની,ના કુટુંબ કે ના સમાજની,પોતાનું માન સન્માન ખોઈ,પોતાના પગ પર કુહાડો માર્યો.જે નજર સદા સન્માનીય હતી,તે ઉંચું જોઈ શકતી ન હતી અને સદા સદાકાળને માટે રામાયણનું નિંદનીય પાત્ર બની ગઈ ,રામાયણ સર્જી ગઈ.

આવાં તો અનેક ઉદાહરણ ઈતિહાસના ગર્ભમાં ધરબાયેલાં પડ્યાં છે.

આમ,બોલાયેલું વચન અને કમાનથી છૂટેલ તીર,કોટિ ઉપાય કરવાં છતાં પાછાં ખેંચાતાં નથી,અને આવનારાં પરિણામને સ્વીકારવાં સિવાય છૂટકારો મળતો નથી.

માટે,ગુજરાતીની બંને કહેવત 'બોલે એનાં બોર વહેંચાય' અને 'ન બોલવામાં નવ ગુણ' આ બંને કહેવતનું સંતુલન કરી વિચારપૂર્વકનું બોલવું જોઈએ,જેથી મળનાર પરિણામ હંમેશા સુખદાયી બની રહે,કદી પસ્તાવાનો વારો આવે નહીં.

-અસ્તુ-
દેવીબેન વ્યાસ-વસુધા-સુરેન્દ્રનગર
------------------------

બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના, કરતાં કોટિ ઉપાય.

ઉપરોક્ત સુભાષિત બોલ કેવા બોલવા, ક્યારે બોલવા,અને બોલ્યા પછી પસ્તાવો ન થાય એ બાબત પર ધ્યાન દોરે છે.

કહેવાય છે ને કે બાળક બોલતા તો બે વર્ષમાં શીખી જાય છે પરંતુ કેવું બોલવું જોઈએ એ શીખવામાં આખી જિંદગી નીકળી જાય છે. આપણી પાસે જે ડિગ્રી હોય એ ભણવાની આવડતને લીધે મળી હોય છે પરંતુ આપડા બોલ એ આપણા માતા પિતા કે સમાજ તરફથી મળેલ સંસ્કારોની છાપ બતાવે છે.

બાળકોની સામે આપડે જેવું બોલીશું એવું જ બાળકો શીખી જશે વળી કદાચ આપણું બાળક સમાજમાં બોલવામાં માપ નહિ રાખે અને એ સમયે આપણે એને વાળવાનો પ્રયત્ન કરીશું તો એની પાસે આપણા માટે સેંકડો સવાલ હશે. કહેવાય છે ને કે કુમળો છોડ વાળે એમ વળે, પરંતુ એ વેલ ને વાળવા યોગ્ય ટેકો પણ હોવો જોઈએ અને માતા પિતાથી સક્ષમ ટેકો બીજે ક્યાં મળશે?

નાની હતી ત્યારે પિતાજી પાસે એક વાર્તા સાંભળી હતી જેમાં એક પ્રજ્ઞા ચક્ષુ સાધુ મહારાજ બેઠા હોય છે ત્યાંથી વારાફરતી સિપાઈ, સેનાપતિ, મંત્રી પસાર થાય છે સૌથી છેલ્લે રાજા આવે છે અને એ મહારાજને પૂછે છે કે હે "પ્રજ્ઞા ચક્ષુ મહારાજ હું મારી સેનાથી વિખૂટો પડી ગયો છું, આપને કોઈ અંદેશો હોય તો કૃપા કરી મને જણાવવા વિનંતી!"

ત્યારે જવાબમાં પેલા મહારાજ કહે છે કે અહીં થી પહેલા સૈનિક, ત્યારબાદ સેનાપતિ અને પછી મંત્રી ગયા છે રાજન આપ આજ રસ્તે આગળ જાઓ!

આ સાંભળી રાજા આશ્ચર્ય ચકિત થઈ જાય છે કે આ મહારાજ પ્રજ્ઞાચક્ષુ છે છતાં કેવી રીતે જાણ્યું હશે?અને રાજા પૂછે કે આપ કઈ રીતે જાણી શક્યા કે એ વ્યક્તિ સૈનિક જ હતો કે સેનાપતિ એ આપે કઈ રીતે જાણ્યું?

ત્યારે મહારાજ કહે છે કે સાંભળો રાજન પહેલા સૈનિક આવ્યો હતો એણે પૂછ્યું કે "એય આંધળા આ રસ્તો કઈ તરફ જાય છે?"

બીજી વ્યક્તિએ પૂછ્યું કે " હે અંધ મહારાજ આપ આ રસ્તો કઈ તરફ જાય છે એ મને જણાવો.

ત્યારબાદ ત્રીજી વ્યક્તિ એ મને પૂછ્યું," હે મહારાજ આપ આંખો થી વંચિત છો, પરંતુ શું આપ મારા પર કૃપા કરી એક વાત જણાવો કે આ બાજુથી સૈનિક કે સેનાપતિ ગયા છે ખરા?

અને પછી આપ રાજન કેટલી સભ્યતાથી મારી સાથે વર્ત્યા છો કે શું કહેવું?

ટુંકમાં આ વાર્તા પરથી સ્પષ્ટ થઈ જાય છે કે આપડા બોલ પરથી આપણું વ્યક્તિત્વ છતું થઈ જાય છે,અને બોલી દીધા પછી એ બોલ પાછા લઈ શકાતા નથી. વડીલો પણ કહી ગયા છે કે બોલતા પહેલા સો વાર વિચારવું,! અને પાણી અને વાણી ગાળીને વાપરવું, અંગ્રેજીમાં પણ કહેવત છે કે "think befroe u speak". તો મિત્રો સુભાષિતો આપણા જીવનમાં દીવાદાંડી જેવું કામ કરતા હોય છે એને આપણા જીવનમાં સ્થાન આપી અનુસરીએ !

ભાવના પટેલ."વલસાડી વાદળ"
ગાંધીનગર.

# અરવલ્લીના મોડાસા શહેર અને ધનસુરાના રમોસમાં વધુ એક-એક કેસ નોંધાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર અને ધનસુરા તાલુકાના રમોસ ગામે કોરોના પોઝિટીવના વધુ એક-એક કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો આંકડો ૭૮ સુધી પંહોચી ગયો છે.

આ અંગે વિગત આપતા અરવલ્લી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી આશિષ નાયકે જણાવ્યું હતું કે, સોમવાર મોડી સાંજે મોડાસા શહેરના અર્બન હેલ્થ સેન્ટરમાં લેબોરેટરી ટેકનિશિયન ફરજ બજાવતા ૨૪ વર્ષિય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા તેમના સંપર્કમાં આવેલા લોકોને સંક્રમણનું જોખમ સૌથી વધુ હોય કોરોના વાયરસના સંક્રમણ અટકાવવા પૂરતી તકેદારીના ભાગરૂપે અર્બન હેલ્થ મોડાસા ખાતે ફરજ બજાવતા ત્રણ મેડિકલ ઓફિસર અને અન્ય ૩૦ મળી કુલ- ૩૩ હેલ્થ સ્ટાફને હોમ કોરેન્ટાઇનકરવામાં આવ્યા છે.

જેને લઇ અર્બન હેલ્થ સેન્ટરમાં સેનીટાઇઝેશનની કામગીરી કરવામા આવી છે તો વાયરસના સંક્રમણ અટકાવવા પૂરતી તકેદારીના ભાગરૂપે કોવિડ-૧૯ના નિયંત્રિત વિસ્તાર તરીકે જાહેર કરેલ ટ્રાન્સપોર્ટનગર વિસ્તાર તથા તેની આજુબાજના એરિયામાં હુસૈનીસોસાયટી, મખદુમ સોસાયટી, સમેહિદાયત, અફજલ,હિદાયતપાર્ક,જમજમપાર્ક,મદની-૨,અલફેસાની સોસાયટી, પુજીલાલ, અમનપાર્ક, બાગે ફિરદોસ વિગેરે વિસ્તારોના ૧૭૯૭ ઘરોના ૯૧૧૪ લોકોને હાઉસ ટુ હાઉસની સર્વેમાં આવરી લેવાયા છે. તે પૈકી દર્દીના નજીકના સંપર્કમાં ૩૯ લોકોને હોમ કોરેન્ટાઇન કરાયા છે જેમાંથી એક વ્યકિત ને શંકાસ્પદ કોરોના લક્ષણ જણાયા છે. જયારે મંગળવારના રોજ ધનસુરા તાલુકાના રમોસ ગામની ૨૧ વર્ષિય યુવતી કોરોના રીપોર્ટ પોઝિટીવ આવતા જિલ્લામાં કોરોનાના દર્દીઓનો આંક ૭૮ સુધી પંહોચી ગયો છે.

વાત્રક કોવિડ હોસ્પિટલ ખાતેથી બાયડ તાલુકાનાં તેનપુર ગામના એક પોઝીટીવ દર્દીની સારવાર પૂરી થયા બાદ રજા આપવામાં આવતા જિલ્લામાં અત્યાર સુધી ૧૮ દર્દીઓ સાજા થતા ઘરે પરત મોકલવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૨ લોકોના રીપોર્ટ આવવાના બાકી છે. ત્યારે વાત્રક કોવિડ હોસ્પિટલ ૨૯ તેમજ મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ૨૯ મળી કુલ ૫૮ દર્દીઓ સારવાર હેઠળ છે જયારે વાત્રક અને ભાગ્યલક્ષ્મી નર્સિંગ હોમ મોડાસાના કોવિડ કેર સેન્ટરમાં એક-એક દર્દીને સારવાર અર્થે રખાયા છે.

# અરવલ્લી મોડાસા શહેરની ટ્રાન્સપોર્ટ નગર સોસાયટીનો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવેશ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના દિન પ્રતિદિન કેસોમાં વધારો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવકેસ મોડાસા શહેરની ટ્રાન્સપોર્ટ નગર સોસાયટી નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં COVID-19 નો કેસ મળી આવેલ મોડાસા નગરપાલિકાનની હદમાં આવતી ટ્રાન્સપોર્ટનગર સોસાયટી અને તેના આસપાસની હુસૈની, મખદુમ અને પીબી સુપર માર્કેટ વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૨૦મે ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# ગુજરાતને આર્થિક ક્ષેત્રે પાટા પર લાવવા કમિટીની રચના, હસમુખ અઢિયાને સોંપાઈ જવાબદારી



ગાંધીનગર,તા.૧૩

વિજય રૂપાણી દ્વારા કોવિડ ૧૯ની પરિસ્થિતિમાં આર્થિક પરિસ્થિતિ સમજવા માટે કમિટીની રચના કરવામાં આવી છે. જેના માટે ભારત સરકારના પૂર્વ નાણા સચિવ ડો.હસમુખ અઢીયાની અધ્યક્ષતામાં સમિતિ બનાવાઈ છે. આજે કેબિનેટ બેઠકમાં પ્રધાનમંત્રીના આર્થિક પેકેજ અંગે ચર્ચા થઈ છે. સેક્ટર પ્રમાણે આર્થિક નુકસાનીનો સરવે કરાશે. આર્થિક અને નાણાકીય ક્ષેત્રોએ પુનનિર્માણ અને પુનગઠનની ભલામણ સૂચવવા માટે આ કમિટીની રચના કરાઈ છે. આ ઉપરાંત અન્ય સભ્યોની પણ કમિટીમાં નિમણૂંક કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, રાજ્યમા આર્થિક ગતિવિધિ, વેપાર, ધંધા અને નાણાકીય સ્થિતિની ભલામણો સૂચવવા માટે આ કમિટીની રચના કરાઈ છે. જેના સભ્ય તરીકે પ્રો. રવિન્દ્ર ઢોળકિયા, સિનિયર ટેક્સ કન્સલટન્ટ મુકેશ પટેલ, ફાઈનાન્શિયલ એક્સપર્ટ પ્રદીપ શાહ, રિટાયર્જ સિનીયર આઈએસ કિરીટી શેલટ, ની નુિમણૂં કરાઈ છે. કિમિટીની મેમ્બર સેક્રેટરી તરીકે વીસી અને એમડી જીઆઈડીસી એમ. થેનારસનની નિમણૂંક કરાઈ છે. આ કમિટી એક મહિનામાં પોતનો રિપોર્ટ રાજ્ય સરકરાને રજૂ કરશે. કમિટીના કર્યક્ષેત્રમાં સેક્ટરોરિલ અને સબસોક્ટોરલ આર્થિક નુકસાનીનો અંદાજ મેળવીને ભલામણ કરશે. તેમજ અંદાજ પત્રની રાજકોશીય સુધારાના પગલા સચવશે. શ્રમિકોન સુધારા અંગે માહિતી આપશે. ફોરેને ઈન્વ્સેટમેન્ટ માટે પણ ભલામણ સૂચવશે. ગુજરાત આર્થિક, સામાજિક વેપારી ક્ષેત્રે ફરી નંબર વન બને તે માટે પગલા લેવા એક્સપર્ટ કરમિટી દ્વારા સલાહ આપશે.

આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વાર ગુજરાતના તમામ કલેક્ટર્સને તાકીદ કરાઈ છે કે, ગુજરાત સરકાર દ્વારા મોટાપાયે પરપ્રાંતિયોને શ્રમિકોને પોતાના વતનમાં મોકલવા માટે શક્ચત તમામ મદદ કરવામાં આવે. ગઈકાલ રાત સુધી દેશભરમાંખી ૬૪૦ ટ્રેનો દોડી છે. જેમાંથી માત્ર ગુજરાતમાંથી જ ૨૬૨ ટ્રેન નીકળી છે. આમ, દેશમાથી દોડાવાયેલી કુલ ટ્રેનોની ૪૧ ટકા ટ્રેનો ગુજરાતમાંથી દોડી છે. આજે બીજી ૩૭ ટ્રેન અન્ય રાજ્યોમાં જવા રવાના થશે. જેમાંથી અમદાવાદથી ૧૦, સુરતથી ૧૨, રાજકોટથી ૪ અને વડોદરાથી ૩ ટ્રેન જશે.

રાજ્યમાં લોકડાઉન ૪.૦ પહેલા સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો. રાજ્યમાં રેડ ઝોન સિવાય ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં એસટી સેવા શરૂ થશે. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં બસ શરૂ થશે, ઓરેન્જ ઝોન જિલામાંથી ગ્રીન ઝોન જિલ્લામાં બસ જશે નહી.

# મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની સાતમી વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠક

## રાજ્યમાં કોરોના સંક્રમણ અને આરોગ્યલક્ષી પગલાંઓ - લોકડાઉન અમલીકરણ અને અનાજ વિતરણની સ્થિતીની જિલ્લાવાર સમીક્ષા હાથ ધરાઈ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકે પ્રધાનમંત્રીશ્રીએ કોરોના વાયરસને પગલે લોકડાઉનની સ્થિતીમાંથી વેપાર-ઊદ્યોગ ધંધા-રોજગાર પૂન: વેગવંતા બનાવવા જાહેર કરેલા ૨૦ લાખ કરોડના રાહત પેકેજ અંગે આભાર વ્યકત કર્યો હતો. આ પેકેજની નાણા મંત્રીશ્રી દ્વારા વિસ્તૃત જાહેરાત બાદ ગુજરાતમાં આ પેકેજનો લાભ વેપાર-ઊદ્યોગ રોજગાર સહિત નાના-મધ્યમ ઊદ્યોગો, છેવાડાના માનવીઓ અને જરૂરતમંદ વ્યકિતઓ સુધી ઝડપભેર પહોંચે તે અંગે પણ કેબિનેટ બેઠકમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યા હતા. આ પેકેજના રાજ્યમાં અમલીકરણ માટેની રણનીતિ નક્કી કરવાની દિશામાં પણ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા હાથ ધરાઇ હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી તથા મંત્રીમંડળના અન્ય મંત્રીશ્રીઓ જિલ્લા મથકોએથી આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં કોરોના વાયરસ સંક્મણ અને તેની સામેના આરોગ્યલક્ષી પગલાંઓ, લોકડાઉનની અમલીકરણ સ્થિતી તેમજ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે અનાજ વિતરણ વ્યવસ્થાની જિલ્લાવાર સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લા કલેકટરોને જણાવ્યું કે પ્રવર્તમાન સ્થિતીમાં ગુજરાતમાંથી જે અન્ય રાજયોના શ્રમિકો-કામદારો એકવાર પોતાના વતન રાજ્ય જવા ઇચ્છે છે તેમના માટે હાલ મોટા પાયે ટ્રેન ચલાવીને વ્યવસ્થાઓ કરવામાં આવેલી છે.

મુખ્યમંત્રીશ્રીએ એવી પણ તાકીદ કલેકટરોને કરી કે, આવી ટ્રેનનું હજુ પણ સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ જેવા નગરોમાંથી વધુ સઘન રીતે આયોજન કરવા અને યુ.પી., બિહાર, ઓડિશા, ઝારખંડ જેવા રાજયોના શ્રમિકોને વતન રાજ્ય જવા ચોક્કસ ટાઇમ બાઉન્ડ પ્રોગ્રામ બનાવી તેનું અમલીકરણ કરવામાં આવે. મુખ્ય સચિવ શ્રી અનિલ મૂકિમ, પોલીસ મહાનિર્દેશક શ્રી શિવાનંદ જહા અને અન્ય વરિષ્ઠ સચિવો સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલના તાપી સમિતી ખંડથી આ વિડીયો કોન્ફરન્સીંગ બેઠકમાં જોડાયા હતા. સી.એમ-પીઆરઓ/અરૂણ

# મોડાસા સબજેલમાં કોરોના વોરિયર્સ તબીબોનું પુષ્પવર્ષાથી સ્વાગત



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસ સામે લડી રહેલા ફ્રન્ટ વોરિયર્સ તબીબ, નર્સ સહીત આરોગ્ય લક્ષી સેવાઓ સાથે સંકળાયેલા અને લોકડાઉનની અમલવારી કરાવતા પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓનું અલગ-અલગ રીતે લોકો સન્માનિત કરી પ્રોત્સાહિત કરી રહ્યા છે મોડાસા સબજેલ પ્રશાશન તંત્ર અને જેલમાં રહેલા કેદીઓએ આરોગ્યલક્ષી સેવા પુરી પાડતા તબીબ અને તેમની ટીમનું પુષ્પવર્ષા થી સ્વાગત કર્યું હતું

હાલ કૉરોના વાઇરસને લઇને કૉરોના વૉરિયર્સ તરીકે આરોગ્ય વિભાગ સતત કામ કરી રહ્યું છે, ત્યારે મોડાસા સબ જેલ સ્ટાફ તેમજ કેદીબંદીઓ દ્વારા ડૉક્ટરની ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરમાં કૉરોનાના વધતા કેસને લઇને અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે મોડાસા સબ જેલ દ્વારા ડોક્ટર ટીમને સન્માનિત કરાયા હતા.મોડાસા સબ જેલના કેદીઓની સમયાંતરે આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવે છે, ત્યારે આ મહિના મોડાસા સબજેલમાં આરોગ્ય તપાસ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો, જ્યાં પહોંચેલી આરોગ્યની ટીમનું પુષ્પ વર્ષા કરીને આરોગ્યકર્મીનું ભવ્ય સન્માન કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

### સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ તથા સમસ્ત બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા

# રાણાવાવ ખાતે ભૂદેવ પરિવારને રાસન કીટનું વિતરણ કરવામા આવ્યું



સમગ્ર દેશમાં જયારે કોરોનાવાયરસ મહામારી થી ભયજનક ફેલાઈ રહ્યો છે ત્યારે રાણાવાવ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા તથા સમસ્ત બ્રહ્મ સમાજ ના આગેવાનો ના સહકાર થી રાણાવાવ ગામે જરૂરિયાત મંદ અંદાજે પચીસ (૨૫) જેટલા ભૂદેવ પરિવારને રાસન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.રાણાવાવના જાણીતા મહિલા અગ્રણી અને સમાજ સેવિકા તરીકે ઓળખીતા રાણાવાવ ના સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખના પ્રમુખ કુમારી નિકિતા બેન અંત્તૂભાઈ ટેવાણી ના આ પ્રયાસથી કાર્ય સફળ રહ્યું હતું.તેમજ આ કાર્ય મા રાણાવાવ પી.એસ.આઇ ઝાલા સાહેબ તથા બરડાઈ બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ ગીરીશભાઈ થાનકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ હસ્તે આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું .તેમજ કીટ વિતરણની કામગીરીના સફળ બનાવવા માં સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના કૈલાસબેન રાવલ. ભારતીબેન જાની. હિનાબેન ધરદેવ. મનીષા બેન જોષી. શહીત બહેનોએ ભારે જેહમત ઉઠાવી આ કાર્યને સફળ બનાવ્યું હતું

આ કાર્યક્રમમાં રાણાવાવ સમસ્ત બ્રહ્મ સમાજ ના આર્થિક સહકાર ના દાતાઓ ના નામ આ મુજબ છે

અશ્વિનભાઈ દવે. ડાયાભાઈ લાખાણા. મોહનભાઈ થાનકી. સુરેશભાઈ જોશી. ચંદુભાઈ જોશી (માજી તલાટી મંત્રી) અંત્તૂભાઈ ટેવાણી.. વિજયભાઈ કુછડીયા. મિલનભાઈ પુરોહિત. ભટ્ટભાઈ (સેન્ટર બેંક). ચંદ્રિકાબેન અશ્વિનકુમાર દવે. કોકીલાબેન જાની. મનિષાબેન જોશી. વર્ષાબેન પાઠક. હીનાબેન ધરદેવે. આ રાસન કિટમાં ટોટલ ૧૮ વસ્તુ આપવામાં આવી હતી.

# એપીએમસી ધારામાં કરાયેલ સુધારાને આવકારતા માણાવદર જીન પ્રેસ ઉદ્યોગ

એપીએમસી એટલે એગ્રી કલ્ચર પ્રોડયુસ માર્કેટ કમીટી એકટમાં રાજ્ય સરકાર ના સહકાર વિભાગ ના સેક્રેટરી મનિષ ભારદ્વાજ ની જાહેરાત મુજબ હવે ખેડૂતો પોતાના ઉત્પાદનો માર્કેટીંગ યાર્ડ બહાર વિના અવરોધે વેંચી શકશે અત્યાર સુધી ખેડૂતો એ અને વેપારીઓએ પણ બધા ખેત પેદાશો માર્કેટીંગ યાર્ડમાં વેચવી - લેવી ફરજીયાત હતી અને તેના ઉપર સેસ લેવાથી ખેડૂતો ને અને વેપારીઓને યાર્ડ ના સતાધારીઓ ને તાબે રહેવું પડતું હતું જે હવેથી ખેડૂતો અને વેપારીઓ લાયન્સ લેવામાંથી પણ મુકત થતા માણાવદર જીન પ્રેસ એશોશીએસનના પ્રમુખ દેવજીભાઇ ઝાટકિયા એ રાજય સરકારનો આભાર માનેલ છે આ બાબતે વર્ષોથી સરકાર સમક્ષ રજૂઆત કરતા રહયા હતા જેનો આ પ્રતિભાવ મળેલ છે તેમ દેવજીભાઇ ઝાટકિયા એ જણાવ્યું હતું

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયોને આવકારતા આદિજાતિ વિકાસમંત્રી રમણલાલ પાટકર

વલસાડ : અજીત પટેલ

કોરોના સંકટ મહામારી દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેદ્રભાઇ મોદી દ્વારા આત?મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ૨૦ લાખ કરોડની કરોડની જંગી રકમ દેશના વિકાસમાં ફાળવતા રાજયના આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરે આ નિર્ણયને આવકાર્યો છે. આ નિર્ણય થકી દેશની પ્રગતિમાં વેગ મળશે. એમ.એસ.એમ.ઇ. માટે ખાસ ધ્યાન આપીને લોનમાં રાહત સહિતની જાહેરાત કરી કુટીર, લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને બેઠા કરવાનો પ્રયાસ કરાયો છે. ઉદ્યોગોને લાભો પહોંચાડવા એમ.એસ.એમ.ઇ.ની વ્યાખ્યામાં પરિવર્તન કરાયું છે. હવે ૨૫ લાખના બદલે એક કરોડ સુધીના ધંધાને માઇક્રો યુનિટ ગણવામાં આવશે.

જેથી એમ.એસ.એમ.ઇ.નો વ્યાપ વધશે. પગારના ૨૪ ટકા રકમ સરકાર જમા કરાવશે, જેથી ૧૫ હજાર કરતાં ઓછા પગારધારકોને લાભ થશે. એમ.એસ.એમ.ઇ. લોન માટે ૧૦ હજાર કરોડની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત કોરોના મહામારીને પહોંચી વળવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા રાજયના ૬૫ લાખ ગરીબ પરિવારોને વિનામૂલ્યે ત્રણ મહિના સુધીનો અનાજ પુરવઠો આપવામાં આવ?યો છે. શ્રમિકોને એમના વતન મોકલવા ખૂબ જ ઝડપી અને સુરક્ષિત પહોંચે એવા નિર્ણયો લઇ સરાહનીય કાર્ય કર્યું છે. ગુજરાતની જનતાને સુરક્ષિત રાખવા જે નિર્ણયો લીધા છે, જે નિર્ણયોને મંત્રીશ્રી રમણલાલ પાટકરે હૃદયથી આવકાર્યા છે.

### કોરોના સંકટ સમયે નવવિવાહીત યુગલનો પ્રેરણાદાયી અભિગમ

# અંબાજીનાશ્રી જીમી ભદ્રેશભાઈ પંડ્યાએ રૂ. ૧.૧૧ લાખનો ચેક પી.એમ. કેર ફંડમાં કલેકટરશ્રીને અર્પણ કર્યો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના વાયરસના કહેર વચ્ચે ઘણી જગ્યાએ પ્રેરણાદાયી અભિગમ પણ જોવા મળે છે. પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે શ્રી ભદ્રેશભાઇ પંડ્યાના પુત્ર જીમીના વડોદરા નિવાસી શ્રી રાજેશભાઇ શેઠની પુત્રી મૈત્રી સાથે તા.૧૨ મે-૨૦૨૦ના રોજ ખુબ જ સાદગીભર્યા લગ્ન થયા હતાં.

લગ્નવિધિ સંપન્ન કરીને શ્રી જીમી ભદ્રેશભાઇ પંડ્યા સજોડે પાલનપુર જઇને રૂ. ૧,૧૧,૧૧૧/- નો ચેક પી.એમ. કેર ફંડમાં બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેને અર્પણ કર્યો હતો. આ અંગે પ્રતિભાવ આપતાં નવવિવાહીત યુગલે જણાવ્યું કે અમારા લગ્નપ્રસંગે અમે સેવાકીય કાર્ય દ્વારા આશીર્વાદ મેળવવાનું નક્કી કર્યુ હતું. અમારા આ વિચારને અમારા પરિવારે આનંદ સાથે સમર્થન આપ્યું છે. અમારા લગ્ન ખુબ જ સાદગીથી માત્ર ૨૦ માણસોની ઉપસ્થિતિમાં યોજાયા હતા. પ્રસંગને અનુરૂપ સ્વજનો, મિત્રો તરફથી શુભેચ્છારૂપે જે ભેટ, પૈસા મળ્યા તેમાં ખુટતી રકમ મેં ઉમેરીને આજે પી.એમ. કેર ફંડમાં ચેક અર્પણ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પુત્રના લગ્ન પહેલાં શ્રી ભદ્રેશભાઇ પંડ્યાએ દાંતા મામલતદાર કમ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની ઓફીસમાંથી લગ્ન યોજવા પરવાનગી માગી હતી. મળેલ પરવાનગી અનુસાર માત્ર ૨૦ માણસોની હાજરીમાં દરેકનું મેડીકલ ચેકઅપ કરીને, સૌએ મોંઢે માસ્ક બાંધીને, સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને સાદગીથી લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

કલેકટરશ્રી સંદીપ સાગલેએ નવયુગલને શુભેચ્છાઓ પાઠવી તેમના અભિગમને બિરદાવ્યો હતો.ચેક અર્પણ પ્રસંગે નવયુગલ સાથે જીમીના પપ્પાએ શ્રી ભદ્રેશભાઇ પંડ્યા, અંબાજીના પત્રકારશ્રી દશરથભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં.

# હાઈકોર્ટના નિર્ણયને ભુપેન્દ્રસિંહે સુપ્રીમ કોર્ટમાં પડકારતી અપીલ દાખલ કરી

ગાંધીનગર,તા.૧૩

રાજયના કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મંગળવારે સૌથી મોટો ઝાટકો લાગ્યો હતો. ગુજરાત હાઇકોર્ટે ચુડાસમાની ૨૦૧૭ની ધોળકા વિધાનસભા બેઠક ઉપરથી પાતળી સરસાઈથી જીતની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના ઓર્ડરને હવે મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સુપ્રીમ કોર્ટમાં પડકારતી અપીલ દાખલ કરી છે. ભુપેન્દ્રસિંહ હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમમાં પોતાનો પક્ષ રાખવા પહોંચ્યા છે.

ગઈકાલે ચુડાસમાની જીતને પડકારતી અરજીમાં નિર્ણય આવ્યો હતો. કોંગ્રેસ ઉમેદવાર અશ્વિન રાઠોડની તરફેણમાં ચુકાદો આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭ વિધાનસભાની ધોળકા બેઠકની ચૂંટણી રદ કરી છે. ધોળકા બેઠકને લઈને કોંગ્રેસે હાઈકોર્ટમાં ઈલેક્શન પીટિશન કરી હતી. ધોળકા બેઠક પર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માત્ર ૩૨૭ મતે જીત્યા હતા. બેલેટ પેપરની ગણતરી કરવામાં ન આવતા હાઈકોર્ટમાં સમગ્ર મામલો પહોંચ્યો હતો અને હાઇકોર્ટે સૌથી મોટો નિર્ણય સંભળાવ્યો હતો. ભુપેન્દ્રસિંહ શિક્ષણ મંત્રીની સાથે કાયદા મંત્રી પણ છે.ભાજપ હાઈકમાન્ડે પણ આ મામલે પોતાનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે ભુપેન્દ્રસિંહ ચુડાસમા પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે અને તેઓ મંત્રી તરીકે યથાવત્ રહેશે.

# હારીજના જાયન્ટંસ પીપલ્સ ફાઉડેશન દ્રારા હારીજ ન.પા. કર્મચારીઓને આર્યુવેદિક કીટનું વિતરણ કરાયું



કોરોના રોગની મહામારી સામે લડનાર કોરોના યોદ્ધાઓના સ્વાસ્થ્યની ચિંતા કરી તેમના સ્વાસ્થ્યના રક્ષણ માટે આયુષ મંત્રાલય દ્વારા સૂચિત immunity booster આયુર્વેદિક કીટ જાયન્ટધસ પીપલ્સક ફાઉડેશનના ડોક્ટર બંધુઓ સંજયભાઈ ઠક્કર અને ડોક્ટર ભાવેશ ભાઈ ઠક્કર દ્વારા સમી તથા હારીજ નગરપાલિકા ના કર્મયોગી તથા અધિકારીશ્રીને કીટ આપવામાં આવી હતી. આયુર્વેદિક કિટમાં નાકમાં સવાર સાંજ ટીપા નાખવાની ડ્રોપસ, ટેબલેટ ફ્લ્વ્ષ્ઠ ત્રણ પ્રકારની રસાયણ,સંશમની વટી, અને સુદર્શન ઘનવટી, ની ટેબલેટ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારક કીટ હારીજ નગરપાલિકા સ્ટાફ માટે ચીફ ઓફીસરશ્રી રુડાભાઇ રબારીને આપવામા આવી હતી. તેમજ હારીજ નગપાલિકાના પ્રમુખશ્રી ચંપાબેન ઠાકર પણ હાજર રહયા હતા હારીજ નગરપાલિકાના કર્મચારીઓ ની ચિંતા કરવા બદલ અને કીટ આપવા બદલ તમામ નો આભાર વ્યક્ત કર્યો હતો....

### અરવલ્લી બેકાબુ કોરોનાને કાબુ લેવા પ્રશાસન તંત્રે કમર કસી

# ગ્રામ્ય વિસ્તારોના કન્ટેન્ટમેન્ટ વિસ્તારોની મુલાકાત લઈ સરપંચો સાથે ચર્ચા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોના કહેર યથાવત જોવા મળી રહ્યો છે મોડાસા શહેરમાં કોરોનાના કેસ દિવસે દિવસે વધી રહ્યા છે ગ્રામ્ય વિસ્તારોમામાં પણ કોરોનાના કહેરે હાહાકાર મચાવ્યો છે જિલ્લા પ્રશાસન તંત્રે બેકાબુ બનેલા કોરોનાને પ્રસરતો અટકાવવા જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામલીયા અને સ્થાનિક અધિકારીઓ સાથે જિલ્લાના કોરોનાગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઇ રહ્યા છે જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે કોરોનાનું સંક્રમણ રોકવા સરપંચો સાથે ચર્ચા કરી ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉનનું ચુસ્ત અમલવારી કરાવવા માટે અને સોશ્યલ ડિસ્ટન જાળવવા માટે સ્થાનિક તંત્રને સૂચના આપી હતી વડગામ ગ્રામ પંચાયતમાં લાગેલ સીસીટીવી કેમેરામાં લોકડાઉનનો ભંગ થાય છે કે નહિ તેનું રેર્કોડિંગ પણ ચેક કર્યુ હતું શામળાજી-રતનપુર ચેકપોસ્ટ પર મુલાકાત કરી પોલીસની



કામગીરી નું નિરીક્ષણ કર્યું હતું પોલીસતંત્રની કામગીરી બિરદાવી હતી .અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામલીયા અને જિલ્લા પોલીસવડા મયુર પાટીલ જિલ્લામાં લોકડાઉનની ચુસ્ત અમલવારી અને કોરોનાને પ્રસરતો અટકાવવા સતત પ્રયત્નશીલ બન્યા છે જિલ્લાના કોરોના કેસ મળી આવ્યા હોય તેવા તમામ વિસ્તારોને

કન્ટેન્મેન્ટ ઝોન હેઠળ આવરી લેવાયા છે. ધોમધખતા તાપમાં કન્ટેન્મેન્ટ વિસ્તારોની મુલાકાત પણ કરવામાં આવી રહી છે કન્ટેન્મેન્ટ વિસ્તારમાં લોકોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઝડપથી મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે સબંધિત અધિકારીઓને સૂચન કર્યુ હતું, તેમજ આ વિસ્તારમાં ફરજીયાત માસ્ક અને અન્ય લોકાના અવર-જવર પર પ્રતિબંધને તેમજ લોક ડાઉન દરમિયાન ઘરની બહાર નહીં નીકળવા સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે અને ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી.જેમાં જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયા સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર પરપ્રાંતીય શ્રમિકોનો હોબાળો

# સાબરકાંઠા થી પ્રવેશતા ૩૦૦ શ્રમિકોને અરવલ્લી પોલીસે અટકાવ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે હાલમાં દેશભરમાં ૧૭ મેં સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે જેને લઈને ધંધા-રોજગાર ઠપ્પ થતા દેશભરમાં પરપ્રાંતીયોએ વતનની વાટ પકડી છે આંતરરાજ્ય સરહદો સીલ હોવાના દાવાઓ પોકળ સાબિત થઇ રહ્યા છે રાજયના અનેક જિલ્લામાંથી અરવલ્લી જિલ્લામાં પરપ્રાંતીયો પગપાળા અને વાહનો મારફતે પહોંચી રહ્યા છે ધોમધખતા તાપમાં પણ કોરોનાનો ડર અને રોજગારી છીનવાતા શ્રમિકો મોતને માથે લઇ વતન તરફ ચાલી નીકળવા મજબુર બન્યા છે



અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર રાજેન્દ્રનગર ચોકડીથી સાબરકાંઠા જિલ્લામાંથી પ્રવેશ કરતા ૩૦૦ જેટલા શ્રમિકોને અરવલ્લી પોલીસે અટકાવતા શ્રમિકોએ હોબાળો કરી હાઈવે ચક્કાજામ કરતા બંને જિલ્લાના પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા શ્રમિકોને સમજાવી ટ્રાફિકજામ હળવો કર્યો હતો સાબરકાંઠા પોલીસ ૩૦૦ શ્રમિકોને પરત લઈ ગઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

રાજસ્થાન રાજયને અડીને આવેલ અરવલ્લી જિલ્લાની આંતરરાજય સરહદ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસતંત્ર માટે લોકડાઉનમાં માથાના દુખાવા સમાન બની રહી છે અન્ય રાજ્યો અને રાજયના વિવિધ વિસ્તારોમાં રહેતા પરપ્રાંતીય શ્રમિકોએ લોકડાઉનમાં વતન તરફ પ્રયાણ કરતા અરવલ્લી જિલ્લાના માર્ગે રાજસ્થાનમાં પ્રવેશી રહ્યા છે રાજસ્થાન સરકારે પાસ વગર શ્રમિકોને પ્રવેશતા અટકાવતા છાસવારે સરહદ પર પરપ્રાંતીયો હોબાળો કરી રહ્યા છે માંડે માંડે સરકારે જે તે રાજયોના પરપ્રાંતિઓને જવા માટે વ્યવસ્થા પણ કરી દીધી છે અને તેઓ માટે ટ્રેન પણ શરૂ કરી વતન મોકલવાની તજવીજ હાથ ધરી છે. છતાં કેટલાક શ્રમિકોને પરમીશન ન મળી હોય કે અન્ય કોઈ કારણસર હજારો કિલોમીટર પગપાળા વતન તરફ જવા નિકળી પડતા અરવલ્લી જિલ્લાના માર્ગો પર હજુપણ પરપ્રાંતીય શ્રમિકો આગ ઝરતી ગરમીમાં પગપાળા વતન તરફ જતા એકલ દોકલ જોવા મળી રહ્યા છે

લોકડાઉનમાં સાબરકાંઠા જિલ્લા પોલીસતંત્રની નબળી કામગીરી કે પછી આંખ આડે કાન કરવાની નીતિના પગલે સાબરકાંઠામાંથી અનેક પરપ્રાંતીય શ્રમિકો અરવલ્લી જિલ્લામાં પ્રવેશી રહ્યા છે પરપ્રાંતીય શ્રમિકોને પગલે લોકડાઉનની અમલવારી માટે સતત ખડેપગે ઉભી રહેતી અરવલ્લી જિલ્લા પોલીસ માટે પડકાર ઉભો કરી રહ્યા છે ત્યારે સાબરકાંઠા પોલીસની નીતિના પગલે અરવલ્લી જિલ્લાના લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.